સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# કોલસાનું સંકટ નિવારવા દેશમાં બારમાસી વહેતી નદીઓ, ડેમ, કેનાલના પાણીથી વીજળી મેળવાય તો ?

દેશમાં કોલસાને કારણે વીજળી ઉત્પાદન ઉપર અસર થવાની સંભાવના ઉદભવી રહી છે. ત્યારે વિજળી ઉત્પાદન માટે નવી પ્રણાલીઓનું આયોજન કરવું જરૂરી છે. દેશમાં સૌર ઉર્જા, હાઈડ્રો પાવર, રિન્યુએબલ રિસોર્સેસ હવા દ્વારા વીજળી ઉત્પાદન કરવામાં આવે છે. પરંતુ તેમાં વિજળી ઉત્પાદનનું પ્રમાણ ઘણું જ ઓછું છે. દેશભરમાં બારમાસી નદીઓ, ડેમો, કેનાલો વગેરેમાં પાણી વહેતા રહે છે ત્યારે તે પાણી દ્વારા વીજળી મેળવી શકાય તેમ છે. તેનું ઉદાહરણ છે ગુજરાતમાં સરદાર સરોવર નર્મદા ડેમ ઉપર ઉભા કરવામાં આવેલ પાવર હાઉસ. દેશમાં ૪૦૦ જેટલી નદીઓ આવેલી છે તેમાંથી ૭૭ નદીઓ બારમાસી છે અને તેમાં સતત પાણી વહેતા રહે છે. અને આ પૈકી ૮ નદીઓ સૌથી વધુ મોટી છે તો ૪૦૦ નદીઓ પૈકી કેટલીક નદીઓમાં સતત પાણી વહેતું રહે છે. જેમાં ગંગા, ગોદાવરી, બ્રહ્મપુત્રા, કાવેરી, ગંડક, ચંબલ, કોપી, ગોમતી, હુબલી, મહાનંદા, ઈન્ડસ(કાશ્મીરમાં) જેલમ, ચિનાબ (હિમાચલ) સતલજ જેવી અનેક બારમાસી નદીઓ છે તેમાં સતત પાણીનો પ્રવાહ વહેતો રહે છે. જો આ નદીઓના વહેતા પાણી અનુસાર ઉર્જા ઉત્પાદન સાધનોનો ઉપયોગ કરવામાં આવે તો ભરપૂર પ્રમાણમાં દેશભરમાં વિજળી મળી શકે અને તે પણ નહિવત કિંમતે મળે. આ માટે નદીઓમાં બારેમાસ પાણી વહેતું રહે છે ત્યાં અનુકુળતા અનુસાર નાના-મોટા ટર્બાઈન જનરેટરો સેટ કરીને વીજળી ઉત્પન્ન કરી શકાય છે અને તેમાં પણ લંબાઈ ધરાવતી નદીઓ ઉપર વધુ પ્રમાણમાં ટર્બાઈન જનરેટરો સેટ કરી નાના પાવર ઉત્પાદન સેન્ટરો(પાવર હાઉસ) ઉભા કરી શકાય. જો આ બાબતે સરકાર વ્યવસ્થિત રીતે આયોજન કરે તો તેના પરિણામો ઘણા સારા મળી શકે તે સાથે બહુ જ ઓછા ખર્ચમાં વીજળી મળે. તદુપરાંત જે તે જનરેટર સેન્ટર અનુસાર ગ્રામ્ય યુવાઓને નોકરીઓ પણ મળી જાય કારણ આવા પાવરહાઉસની દેખરેખ રાખનારાઓની અને વિજ સપ્લાય માટેના આયોજનની વ્યવસ્થા કરવા માટે જરૂર પડે.....!

ભારતભરમાં નાના-મોટા મળીને ૪,૩૦૦ જેટલા નાના-મોટા ડેમો છે. જેમાં સૌથી મોટા ડેમ ઓરિસ્સામાં હીરાકુંડ છે. સૌથી વધુ ડેમો ઉત્તરાખંડ અને તામિલનાડુમાં આવેલા છે. દેશમાં વિવિધ રાજ્યો પૈકી આંધ્રપ્રદેશમાં ૪૦ ડેમ, અરૂણાચલમાં ૨, છત્તીસગઢમાં ૮, બિહારમાં ૨૪, ગોવામાં ૫, ગુજરાતમાં ૮, હરિયાણામાં ૮, હિમાચલમાં ૯, જમ્મુ-કાશ્મીરમાં ૯, ઝારખંડમાં ૧૦, કર્ણાટકમાં ૧૬, કેરળમાં ૪૨, મધ્યપ્રદેશમાં ૧૯, મણિપુરમાં ૨, મહારાષ્ટ્રમાં ૨૭૭ , મિઝોરમમાં ૨, ઓરિસ્સામાં ૧૦, રાજસ્થાનમાં ૧૧, સિક્કીમમાં ૧, તામિલનાડુમાં ૧૯ અને તેલંગણામાં ૭૪ ડેમ. આ તમામ રાજ્યોમાં નાના- મોટા ડેમ આવેલા છે અને ડેમના પાણી કેનાલ દ્વારા વહેતા હશે. ત્યારે આવા ડેમોના વહેતા પાણીની કેનાલો કે જે પાણી વહેતા રહેતા હોય તેવા સ્થાનો ઉપર વહેતા પાણીની કેપેસિટી અનુસાર નાના-મોટા ટર્બાઈન જનરેટર સેટ કરવામાં આવે તો દેશભરના મોટાભાગના વિસ્તારોમાં વીજળી મળી શકે. ઉપરાંત દેશમાં આ બાબતના નિષ્ણાંતો પણ છે અને આવા નિષ્ણાંતોનું માર્ગદર્શન લેવામાં આવે તો ભવિષ્યમાં કોઈપણ સંજોગોમાં વિજળી સંકટ ઊભું થવાની શક્યતા નહિવત્ બની રહે. આ તમામ વિગતો ગુગલ ઉપર મળી રહે છે ત્યારે સરકારે આ બાબતમાં અભ્યાસ કરી નિર્ણય કરવો જોઈએ.....!

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

મનની પ્રમાણિક્તાથી વધારે પવિત્ર બીજું કંઈ જ નથી.

- ઈમર્સન

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૭, શા. શાકે. ૧૯૪૩, પા.ખોરદાદ-૧૩૯૧, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૭, કચ્છી સં. ૨૦૭૮, આસો સુદ-૧૫ વ્રતની પૂનમ, શરદપૂર્ણિમા, અગ્રહાયણ પૂર્ણિમા, કુલધર્મ, અન્વાધાન, શ્રી વાલ્મીકી જયંતિ, ડાકોરનો મેળો, કાર્તિક સ્નાન આરંભ, પંચક (બપોરે ૨:૦૩ ક.થી સમાપ્ત) તા.૨૦ ઓક્ટોબર ૨૦૨૧, બુધવાર, પારસી તા.૬, મુસ્લિમ તા.૧૩, રેવતી નક્ષત્ર, હર્ષણ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૫૦, સૂ.અ.૧૮:૨૧

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), બપોરે ૨:૦૨ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : સંતાન બાબતો ચિંતા સર્જાય. આર્થિક સમસ્યા દૂર થાય.
વૃષભ : નવા આર્થિક આયોજનો પાર પાડી શકશો. નવિન તક સાંપડે.
મિથુન : પારિવારીક જીવનમાં આનંદ રહે. વ્યવસાયિકકાર્યમાં સફળતા મળે.
કર્ક : શારીરિક કષ્ટ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ ન શકાય.
સિંહ : કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિક્ષેપ પડે. મનની મુરાદ બર ન આવે.
કન્યા : માનસિક શાંતિ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ ન શકાય.
તુલા : અપેક્ષાઓ ફળતી લાગે. પ્રિયજનથી લાભ થાય.
વૃશ્ચિક : મનમાં અશાંતિ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું.
ધન : કાર્યબોજ વિશેષ રહે. રોકાયેલા નાણાં છૂટા થાય.
મકર : મહત્વના કાર્યોમાં રૂકાવટ આવે. પડવા-વાગવાથી સંભાળવું.
કુંભ : વ્યર્થ વાદ-વિવાદ ટાળવો. નાણાંનું રોકાણ ન કરવું.
મીન : મનમાં વ્યર્થ ચિંતા રહે. જીવનસાથી સાથે વાણી ઘર્ષણ થાય.

# ગીરનાં સફારી પાર્કમાં હવે એકદમ ખુલ્લી જીપ્સીમાં પર્યટકો કરી શકશે સિંહદર્શન

## ૧૮૦ જેટલી જીપ્સીની ડ્રાઈવર કેબિન હટાવવા વનતંત્રનો હુકમ : સાવજના સરળતાથી દર્શન કરવા અને ફોટોગ્રાફીમાં વધુ સરળતા રહે તે માટે ખાસ વ્યવસ્થા કરાઈ



જૂનાગઢ તા.૨૦

એશિયાટીક સિંહ માટેનાં એકમાત્ર રહેઠાણ એવા ગીર નેશનલ પાર્કમાં પ્રવાસીઓ હવે સિંહ અને અન્ય વન્યજીવોનો ૩૬૦ ડિગ્રી વ્યૂ માણી શકશે. કારણ કે, ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ લાયન સફારીમાં જતા તમામ જીપ્સી માલિકોને આદેશ આપ્યો છે કે, તેઓ તેમની જીપ્સીમાં આગળ રાખેલી ડ્રાઈવર કેબિન કાપી નાંખે જેથી જીપ્સી ચારેય બાજુથી ખુલ્લી થઈ જાય અને પ્રવાસીને જો સિંહ આગળ પણ બેઠો હોય તો તેનો વ્યૂ મળે અને સારી રીતે ફોટોગ્રાફી થઈ શકે. આ નિર્ણયથી વાઈલ્ડલાઈફ લવર્સ ખુશ થઈ ગયા છે કારણકે, હવે ગીરમાં લાયન સફારીની તુલના આંતરરાષ્ટ્રીય કક્ષાનાં ટુરિઝમ સાથે કરી શકાશે. સૂત્રોનાં જણાવ્યા મુજબ, ૧૮૦ જેટલા જીપ્સી માલિકોને આગળની ડ્રાઈવર કેબિન હટાવી દેવા માટે કહેવાયું છે. જેમાં કેટલાયે તે કાઢી નાંખી છે. વાઈલ્ડ લાઈફ લવર ઝુબીન આશરાને આ નિર્ણય વિષે પૂછાતાં તેમણે કહ્યું હતું કે, આ નિર્ણયને પગલે ગીર સેન્કચ્યુરીએ ગ્લોબલ ટુરીઝમ ક્ષેત્રે વધુ એક ડગ માંડ્યું છે. હું ઘણા ટાઈગર રીઝર્વમાં ફોટોગ્રાફી માટે ગયો છું જ્યાં જીપ બધી બાજુથી ઓપન જ હોય છે. હવે ડ્રાઈવર પાછળ બેસેલા ટુરીસ્ટને આગળનાં પ્રાણી અને પક્ષી જોવામાં કોઈ બાધા નહીં આવે. સાથે વન્યજીવને જોવા માટે પાછળ બેસેલા ટુરીસ્ટમાં મુવમેન્ટ પણ ઓછી થશે જેથી વન્યજીવ ડીસ્ટર્બ નહીં થાય. ગીરમાં ૩૭ જાતનાં વન્યપ્રાણી તેમજ ૩૦૦ જાતનાં પક્ષીઓ મળે છે. તે અમે હવે પ્રવાસીઓને સરળતાથી બતાવી શકીશું. ૧૮૦ જેટલી જીપ્સીમાં હવે આગળ ડ્રાઈવર કેબિન હટાવી દેવામાં આવશે. ગીરના જંગલમાં સિંહ ઉપરાંત ચિત્તલ, સાબર, નીલગાય, ચોશીંગા, ચિંકારા, મગર, દિપડા, બાજ, ઘૂવડ, સમડી, પોપટ, ઈગ્રેટ, પીફાઉલ, કિંગફિશર, સન બર્ડ, કોયલ, મેના, કબતર, બુલબુલ, ટેલર બર્ડ સહિતના પ્રાણીઓ, પક્ષીઓ જોવા મળે છે. સ્થાનિક ગાઈડે જણાવ્યું હતું કે, અમે અત્યાર સુધી ડ્રાઈવરની બાજુમાં બેસીને સાઈટિંગ કરીને ટુરીસ્ટને જણાવતાં હતાં. તેમાં કેબિનની કમાન અને ઉપરની બોડી નડતી હતી. હવે અમે પ્રવાસીઓ સાથે સરળતાથી ઈન્ટરેક્ટ કરી શકીશું. એનિમલ અને બર્ડ સાઈટિંગમાં પણ સરળતા રહેશે. ખાસ કરીને પક્ષીઓ જોવામાં.

**ખુલ્લી જીપમાં કોઈ ખતરો નહીં**

ગીર ખાતેના એક ગાઈડે જણાવ્યું હતું કે, જ્યાં સુધી સિંહને આપણાથી ખતરો ન લાગે ત્યાં સુધી સિંહ હુમલો કરતો નથી. તમે જીપમાં અવાજ કર્યા વિના શાંતિથી સિંહ દર્શન કરો તો સિંહ તમને કશું કરતો નથી.

# અન્ન સુરક્ષાનો કાયદો અમલી હોવા છતાં ગુજરાતમાં ૧૩ ટકા લોકોને રેશનિંગનું અનાજ મળતું નથી

## વસ્તીના ૬૭.૫ ટકાના બદલે ૫૪ ટકાને જ અનાજ મળે છે : અનાજ વિતરણનો ડેટા જાહેર કરવા માંગ

અમદાવાદ તા.૨૦

દેશમાં અન્ન સુરક્ષાનો કાયદો લાગું છે છતાં હંગર ઈન્ડેક્સમાં ભારતનો નંબર નેપાળ અને પાકિસ્તાન કરતા પણ પાછળ આવ્યો છે. ત્યારે ગુજરાતમાં અન્ન સુરક્ષા કાયદાની જોગવાઈ મુજબ વસ્તીના ૬૭.૫ ટકા લોકોને આવરી લેવાના હોય છે, તેની સામે ૫૪.૨૬ ટકાની વસ્તીનો જ સમાવેશ કરાયો હોવાની ચોંકાવનારી વિગત બહાર આવી છે. જેને લઈને ગુજરાતમાં અતિગરીબ કે અનાજની તીવ્ર જરૂરિયાતવાળા લોકોને સરકારનું રેશનિંગનું અનાજ પહોંચે છે કે કેમ તે અંગે આ કાયદા સાથે સંકળાયેલા જાણકાર લોકોએ સવાલ ઉઠાવ્યો છે. ગુજરાત સરકારે તાજેતરમાં બહાર પાડેલા આંકડા મુજબ રાજ્યની ૬.૫ કરોડ જેટલી વસ્તીમાંથી ૩,૫૨,૭૧,૨૪૮ નાગરિકો એટલે કે, લગભગ ૫૪.૨૬ ટકાને રેશનિંગનું અનાજ પહોંચે છે. જ્યારે અન્ન સુરક્ષા કાયદાની જોગવાઈ મુજબ વસ્તીના ૬૭.૫ ટકા જેટલી વસ્તીને તેમાં આવરી લેવાની હોય છે. અન્ન સુરક્ષા કાયદાના રાજ્યમાં સુચારૂ અમલીકરણ સાથે સંકળાયેલા પંક્તિ જોગના વિશ્લેષણ મુજબ સેન્ટ્રલ એલોકેશન ડેટા મુજબ ૧૩,૮૮,૦૧૬ ક્વિન્ટલ ઘઉ અને ૫,૯૪,૮૬૪ ક્વિન્ટલ ચોખા એમ કુલ ૧૯,૮૨,૮૮૦ ક્વિન્ટલ અનાજ આવ્યું ગુજરાતને મળ્યું છે. તે પ્રમાણે પણ ગણતરી કરાય તો વ્યક્તિ દીઠ પાંચ કિલો અનાજ લેખે ૩.૯૨ કરોડ લોકોને અનાજ મળવું જોઈએ. કેન્દ્ર સરકાર અનાજનું જે વિતરણ કરે છે તે લાભાર્થી સુધી પહોંચે છે તેનો પૂરેપૂરો ડેટા અનાજના જથ્થા સાથે જાહેર કરવો જરૂરી છે. અનાજનો બાકીનો જથ્થાનું શું થાય છે તેનો તંત્રએ યોગ્ય ખુલાસો કરવો જોઈએ તેમ કહેતા તેમણે એમ પણ ક્યું હતું કે, સ્થળાંતરિત કામદારોનો મોટો પ્રશ્ન છે. વન નેશન-વન રેશન કાર્ડની વાતો કરાય છે, પરંતુ હજુ પણ તે વ્યવસ્થા સંપૂર્ણ અમલી બની નથી. મોટી સંખ્યામાં રેશન કાર્ડ તંત્ર તરફથી જ સાયલન્ટ કરી દેવાય છે. જેમાં કાર્ડધારકને અનાજની જરૂર હોય તો પણ ચાલું કરવામાં આવતા નથી. બાયોમેટ્રીક કેટલાક સ્થળે ઈન્ટરનેટ કનેક્ટિવીટી કે પુરવઠાના સર્વરમાં ખામીના કારણે બે વખત અનાજ ના લઈ શકાય તો પણ કાર્ડ સાયલન્ટ કરી દેવાય છે. જેની કાયદામાં કોઈ જોગવાઈ જ નથી. પુરવઠાના અનાજનો જથ્થો જો ગરીબ કે આદિવાસી સુધી જેટલો ઓછો પહોંચે તેની અસર આ વર્ગની કુપોષણ સામેની ઝુંબેશ ઉપર પણ નકારાત્મક રીતે થઈ રહી છે. સરકારે આ મુદ્દાઓ અંગે વહેલી તકે જાહેર ખુલાસો કરીને ક્યાં ખામી છે તેની માંગણી પણ કરવામાં આવી છે.

# પથરીના દર્દીની ડોક્ટરે કિડની કાઢી લેતા હોસ્પિટલને વળતર પેટે રૂા.૧૧.૨૩ લાખ ચુકવવા પડશે

અમદાવાદ તા.૨૦

ખેડા જિલ્લાના વંઘરોલી ગામના દેવેન્દ્રભાઈ રાવલે પીઠના તીવ્ર દુઃખાવા અને પેશાબ કરવામાં તકલીફ માટે બાલાસિનોર શહેરની કેએમજી જનરલ હોસ્પિટલના ડો. શિવુભાઈ પટેલની સલાહ લીધી હતી. મે ૨૦૧૧માં તેમની ડાબી કિડનીમાં ૧૪ એમએમની પથરી હોવાનું નિદાન થયું હતું. જેની સારવાર માટે રાવલને વધુ સારી સુવિધામાં ધરાવતી હોસ્પિટલમાં જવાની સલાહ પણ આપવામાં આવી હતી, પરંતુ તેમણે તે જ હોસ્પિટલમાં સર્જરી કરાવવાનું પસંદ કર્યું હતું. ૩ સપ્ટેમ્બર, ૨૦૧૧ ના રોજ તેમનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. સર્જરી બાદ પરિવારજનોને ત્યારે ઝટકો લાગ્યો કે જ્યારે ડોક્ટરે કહ્યું કે, પથરીને બદલે દર્દીની કિડની જ કાઢવી પડી છે. આ સાથે ડોક્ટરે કહ્યું કે, આવું તેમણે દર્દીના શ્રેષ્ઠ હિતને ધ્યાને રાખી ક્યું છે. જ્યારે રાવલને પેશાબ કરવામાં વધુ તકલીફ થવા લાગી ત્યારે તેને નડિયાદની કિડની હોસ્પિટલમાં શિફ્ટ કરવાની સલાહ આપવામાં આવી હતી. બાદમાં જ્યારે તેમની તબિયત વધુ બગડી તો અમદાવાદની આઈકેડીઆરસીમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ૮ મી જાન્યુઆરી, ૨૦૧૨ ના રોજ રેનલ કોમ્પ્લિકેશનના કારણે તેમનું મૃત્યુ થયું. જે બાદ તેમના વિધવા પત્ની મીનાબેને નડિયાદ ખાતે ગ્રાહક તકરાર નિવારણ પંચમાં ફરિયાદ દાખલ કરી હતી. પંચે ૨૦૧૨માં તબીબ, હોસ્પિટલ અને યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિ.ને તબીબી બેદરકારી બદલ વિધવાને રૂા.૧૧.૨૩ લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. ડિસ્ટ્રિક્ટ કમિશનનો આદેશ આવ્યા બાદ આ રકમ કોણ ચુકવશે હોસ્પિટલ કે વીમા કંપની તેને લઈને આ કેસ રાજ્ય ગ્રાહક સુરક્ષા કમિશન સમક્ષ આવ્યો હતો. જેમાં પ્રશ્ન હતો કે, વળતર ચૂકવવા માટે કોને જવાબદાર ગણવા જોઈએ. કેસની સમગ્ર વિગત સાંભળ્યા બાદ રાજ્ય આયોગે નોંધ્યું કે, હોસ્પિટલમાં ઈન્ડોર અને આઉટડોર દર્દીઓ માટે વીમા પોલિસી હતી, પરંતુ સારવાર કરનારા ડોક્ટર દ્વારા તબીબી બેદરકારી માટે વીમાદાતા જવાબદાર નથી. આ સર્જરી માત્ર કિડનીમાંથી પથરી દૂર કરવા માટે હતી અને પથરી દૂર કરવા માટે જ સંમતિ લેવામાં આવી હતી. ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ પંચે બાલાસિનોરની કેએમજી જનરલ હોસ્પિટલને દર્દીના સગાને રૂા.૧૧.૨૩ લાખનું વળતર ચૂકવવા આદેશ આપ્યો છે. હોસ્પિટલમાં પથરીની બિમારીને લઈને દાખલ થયેલા દર્દીની પથરી કાઢવાની જગ્યાએ ડોક્ટર્સે ડાબી કિડની જ કાઢી નાખી હતી. જે બાદ શરીરમાંથી મહત્વપૂર્ણ અંગ બહાર કઢાયાના ચાર મહિના બાદ દર્દીનું મૃત્યુ થયું હતું. ગ્રાહક અદાલતે જણાવ્યું હતું કે, હોસ્પિટલ તેના કર્મચારીના બેદરકારીપૂર્ણ કૃત્ય માટે પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે જવાબદારી ધરાવે છે. આ કિસ્સામાં ઓપરેટિંગ ડોક્ટરની ભૂલ માટે હોસ્પિટલ જવાબદાર છે. એમ્પ્લોયર માત્ર તેના પોતાના કૃત્યો અથવા કમિશન અને બાદબાકી માટે જ જવાબદાર નથી, પણ તેના કર્મચારીઓની બેદરકારી માટે પણ જવાબદાર છે, જ્યાં સુધી તે બેદરકારી કર્મચારી દ્વારા રોજગારના સ્થાને અને ફરજ દરમ્યાન કરવામાં આવી હોય. આ જવાબદારી રિસ્પોન્ડન્ટ સુપિરિયરના સિદ્ધાંત અનુસાર એટલે કે માલિકને જવાબ આપવા દોને આધારીત છે. તેમ કોર્ટે પોતાના અવલોકનમાં જણાવ્યું હતું અને કોર્ટે હોસ્પિટલને આદેશ આપ્યો હતો કે, કેસ દાખલ કરનારને વર્ષ ૨૦૧૨થી ૭.૫ ટકાના વ્યાજ સાથે વળતરની રકમ ચૂકવવામાં આવે.

# બહેનો પિતાની સંપત્તિનો અડધો હિસ્સો લે છે, તો હોસ્પિટલનું અડધું બિલ ચૂકવે છે ખરી ?

આ સવાલ દરેક દિકરીઓ માટેનો સવાલ છે. ધારો કે તમારા મમ્મી કે પપ્પા-બંનેમાંથી કોઈને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે તો હોસ્પિટલનાં બિલનો અડધો ખર્ચો તમારા ભાઈને આપો ખરા ? તમારો ભાઈ પૈસે-ટકે સુખી છે, એની પાસે બેશુમાર પૈસા છે, તો પણ તમારી ફરજનાં ભાગ રૂપે બિલનો અડધો હિસ્સો ભાઈનાં ગજવે મૂકી આપો ? તમારો ભાઈ તમારા મમ્મી કે પપ્પા માટે સ્પેશિયલ કેર ટેકર રાખે અથવા તો એમના માટે અલાયદો ડ્રાઈવર રાખે તો એમને ચૂકવાતા પગારમાં અડધો ભાગ તમારો પણ હોય ખરો ? હિન્દુ સક્સેસન એક્ટ ૨૦૦૫ મુજબ દિકરી કુંવારી હોય કે પરણેલી એને પિતાની સંપત્તિમાં ભાગીદાર ગણવામાં આવે છે. એટલે કે દિકરી પરણીને સાસરે ચાલી જાય પછી પણ પિતાની તમામ સંપત્તિ, પિતાએ કમાયેલા તમામ ધનની દિકરી સરખા હિસ્સાની વારસદાર ગણાય છે. આ કાયદાએ દિકરીઓને લાંબા સમય બાદ વધુ સલામત બનાવી છે. લગ્ન બાદ જે દિકરીઓનાં હિસ્સે આર્થિક સંઘર્ષ લખાયેલો રહેતો હતો એ સંઘર્ષ આ કાયદાએ ઓછો કરી આપ્યો છે, કબૂલ. પણ આ જ કાયદાએ કેટલાક ભાઈઓનાં હિસ્સે અન્યાય પણ લખી આપ્યો છે. અમદાવાદમાં રહેતી એક બહેન પૈસે-ટકે સંપન્ન છે. બંગલામાં રહે છે. એમની માતા ગુજરી ગયેલી અને પિતા પેરેલિટિક હતા. ભાઈ અને ભાભીએ પોતાનાં આર્થિક લિમિટેશન્સ વચ્ચે પિતાની બધી જ કાળજી કરી. હવે, પિતાનાં ગુજરી ગયા બાદ બહેને પિતાનાં નાનકડા મકાનમાં અડધો હિસ્સો માંગ્યો. બહેનને અડધો હિસ્સો આપી દીધા બાદ ભાઈએ ભાડાનાં મકાનમાં જતા રહેવું પડ્યું, પણ બહેન માટે ભાઈની તકલીફો કરતા પિતાનો વારસો પોતાનો અધિકાર વધારે અગત્યનો હતો. મારો સવાલ એ છે કે, પિતા કે માતાની સંપત્તિમાં સરખા હિસ્સાની ભાગીદારી લેતી દિકરીઓ લગ્ન બાદ માતા-પિતા પ્રત્યેની ફરજમાં પણ સરખા હિસ્સાની ભાગીદારી નિભાવે છે ખરી ? મમ્મીનાં મુડ સ્વીંગ્સ, પિતાનો પેરેલિસિસ કે અલ્ઝાઈમર, વૃધ્ધત્વની જીદ, સમય ઉપર અપાતી દવા, ઘૂંટણ ઉપર કરાતું માલિશ, રોજેરોજની રસોડાની કચકચ, પથારીમાં થઈ જતો પેશાબ, કટાઈ રહેલો સ્વભાવ, ઘરે એકલા ન મૂકી શકવાને કારણે મિસ કરાયેલી પાર્ટીઓ, ફિલ્મો, સોશ્યલ ગેધરિંગ્સ, રેસ્ટોરન્ટ્સનાં ડિનર, લોંગ ડ્રાઈવ ઉપર નહીં નીકળી શકાયાની ઘૂંટન આ બધામાં પણ સાસરે રહેતી બહેનની સરખા હિસ્સાની ભાગીદારી હોય છે ખરી ? વારસાઈ જો અધિકાર હોય તો મમ્મી-પપ્પાની સરખા હિસ્સાની શારીરિક, માનસિક અને આર્થિક કાળજી એ ફરજ છે. જ્યાં અધિકાર હોય ત્યાં ફરજ આવતી જ હોય છે અને ફરજ વિનાનો અધિકાર આતંકવાદથી કમ નથી હોતો. આપણી હિન્દુ સંસ્કૃતિમાં દિકરીને લક્ષ્મીનું સ્વરૂપ ગણવામાં આવી છે. દિકરીની આર્થિક-સામાજિક સલામતીની કાળજી ઋષિકાળથી લેવામાં આવી છે. આપણી કેટલીક સામાજિક રસમો એવી જ રીતે ડિઝાઈન કરવામાં આવી હતી, જે દિકરીઓને સલામતી બક્ષે. ધીમે-ધીમે એમાં કાયદાઓ ભળ્યા. હવે સામાજિક રસમોની સાથે-સાથે કાયદાઓ પણ દિકરીઓને સલામતી આપી રહ્યા છે. હવે દિકરીઓ પાસે એક છત્રી છે, જે તૂટી પડેલા આભનાં ટુકડાને સીધા માથે પડતા અટકાવી દે છે. એડવોકેટ ઉમેશ રાઠોડ કહે છે કે, 'કાયદામાં થયેલા સુધારા પ્રમાણે દિકરા-દિકરીને એકસમાન હિસ્સો મળે છે પણ કાયદાની બીજી બાજુ પણ છે. આ કાયદાને કારણે દિકરીઓ દ્વારા પોતાનાં હક-હિસ્સાની અલગ માંગણીથી ભાઈ-બહેનનાં સંબંધોમાં તિરાડો પણ પડી રહી છે.' કલમ ૪૯૮-સ્ત્રીઓ માટે બહુ જ સારો કાયદો હતો, પણ હવે એ કાયદાનો દુરૂપયોગ દિલ ખોલીને થઈ રહ્યો છે, એવી જ રીતે હિન્દુ સક્સેસન એક્ટનો દુરૂપયોગ પણ કરાઈ રહ્યો છે. દિકરો હોય કે દિકરી-પિતા કે માતાનાં વારસા ઉપર બંનેનો સરખો અધિકાર છે, સરખો અધિકાર હોવો જ જોઈએ પણ આ અધિકાર સમાન ફરજની સાથે આવવો જોઈએ. દિકરી પરણીને સાસરે જતી રહે પછી જેવી રીતે એની જવાબદારી વધે છે, એવી જ રીતે દિકરો પરણે છે પછી એની જવાબદારી પણ વધતી હોય છે. પરણેલા દિકરા-દિકરીઓએ પોતાનાં મા-બાપની સાથે-સાથે સાસુ-સસરાની જવાબદારી પણ સંભાળવાની હોય છે. મોટાભાગે માતા-પિતા દિકરા સાથે રહેતા હોય છે. આવા સમયે દિકરો અને દિકરાની વહુ-લાગણીથી-ફરજનાં ભાગરૂપે માતા-પિતાની તમામ કાળજી લેતા હોય છે. રસોડામાં ઓછા મીઠાંવાળી રસોઈ બાજુ ઉપર કરવાથી લઈને ઈન્સ્યુલિનનાં મેનેજમેન્ટ સુધીની બધી જ જવાબદારી વહુનાં શિરે હોય છે. સાંઈઠમાં વર્ષે પણ સત્તા ન છોડી શકનારી ઘણી સાસુઓ પિસ્તાળીસ વર્ષની વહુને ઘર ચલાવવાની ટ્રેનિંગ આપતી જ રહે છે. વહુ બોલ્યા વિના અથવા તો થોડા ઘણો કકળાટ કરી આ બધા વચ્ચેથી પસાર થતી રહે છે. દિકરાની સમસ્યાઓ જુદી હોય છે. એણે આર્થિક બેલેન્સ સાચવવાનું હોય છે. મમ્મી અને પત્નીની વચ્ચે બેલેન્સ જાળવતા-જાળવતા એણે તંગ દોરડા ઉપર સમતુલન જાળવતા રહેવાનું હોય છે. દિકરીઓએ મોટેભાગે આવો સામનો કરવો પડતો નથી. એણે દિવસમાં એકવાર મમ્મી-પપ્પા સાથે ફોન ઉપર વાત કરવાની હોય છે, અઠવાડિયે બે-ત્રણ વાર ઘરે મળવા આવવાનું હોય છે. સાસરેથી આવેલી દિકરીનાં માન-પાન દરેક ઘરમાં જુદા જુદા હોય છે. મા-બાપ માંદા પડે અથવા તો હોસ્પિટલાઈઝ્ડ થાય ત્યારે દિકરીઓ સાસરાની જવાબદારીઓ વચ્ચે બેલેન્સ કરી શકે એનું ધ્યાન રખાય છે અને પરણેલી દિકરીનાં ઘરનું પાણી પણ ન પીવાયની સંસ્કૃતિ વચ્ચે તમામ આર્થિક જવાબદારી દિકરાનાં ખભે આવી જતી હોય છે. કેટલાક કિસ્સાઓમાં બહેનની આર્થિક પરિસ્થિતિ કરતા ભાઈની આર્થિક પરિસ્થિતિ નબળી હોય એવું પણ બનતું હોય છે. આવા સમયે બહેને નમતું જોખવું જોઈએ. વારસા કરતા વહાલને અને સંપત્તિ કરતા સંબંધને મહત્વ આપવું જોઈએ. આજે મારે તમામ દિકરીઓને એક અપીલ કરવી છે. તમને તમારી પૈતૃક સંપત્તિમાંથી અડધોઅડધ હિસ્સો મળ્યો હોય કે મળવાનો હોય-તમારા અધિકારની સાથે-સાથે તમારી ફરજ પણ નિભાવજો. તમારા ભાઈનાં ખભે હાથ મૂકીને કહેજો કે, મમ્મી અને પપ્પાની જેટલી જવાબદારી તારી છે એટલી જ જવાબદારી મારી પણ છે. ભાઈ ના પાડે તો પણ એનાં ગજવે મૂકી શકો એટલી રકમ મમ્મી-પપ્પા માટે મૂકી આપજો. મારે તમામ જમાઈઓને પણ એક અપીલ કરવી છે, તમારી પત્નીને એનાં પિયર પ્રત્યેની ફરજો નિભાવવામાં થઈ શકે એટલી મદદ કરજો. આફ્ટરઓલ, એકસમાન અધિકાર સાથે એકસમાન ફરજ બહુ અનિવાર્ય છે !

# મધ્યમ વર્ગના લોકો માટે માર્ગ ઉપર પણ પરિવહન કરવાનું મુશ્કેલ બન્યું છે : પ્રિયંકા ગાંધી

(એજન્સી) તા.૨૦ દેશમાં વધતી જતી મોંઘવારી અંગે કોંગ્રેસ સતત મોદી સરકાર ઉપર નિશાન સાધી રહી છે. કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધીએ તેલની વધી રહેલી કિંમતો અંગે કેન્દ્ર સરકાર ઉપર પ્રહાર કર્યા છે. પ્રિયંકા ગાંધીએ ટવીટ કરીને કહ્યું હતું કે વચન આપવામાં આવ્યું હતું. હવાઈ ચપ્પલવાળા લોકો જહાજમાં મુસાફરી કરશે. હવે તો હવાઈ ચપ્પલવાળાઓનું રસ્તા ઉપર ચાલવું પણ મુશ્કેલ થઈ ગયું છે. તેમણે કહ્યું કે ભાજપની સરકારે પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં એટલો વધારો કર્યો છે કે હવાઈ ચપ્પલવાળા અને મધ્યમ વર્ગનું રસ્તા ઉપર મુસાફરી કરવાનું પણ મુશ્કેલ બની ગયું છે. આ અગાઉ પણ પ્રિયંકા ગાંધીએ ટવીટ કરીને ખાતરની વધતી કિંમતોને લઈને સરકાર ઉપર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે ભાજપ સરકારે એનપીકે ખાતર ઉપરઅનેએનપી ૫૨૭૦ રૂ.નો વધારો કર્યો હતો. ડીઝલનો ભાવ દરરોજ વધારીને સરકારે રૂા.૧૦૦ની પાર કરી દીધો. જણાવી દઈએ કે દેશના અનેક શહેરોમાં તેલ ૧૦૦ રૂા.ની સપાટી પાર કરી ગયું છે. ભાજપના શાસનમાં મજુરો અને ખેડૂતો મોંઘવારીના બોજ હેઠળ દબાયેલા છે ફકત મોદી મિત્રો સમૃદ્ધ બની રહ્યા છે. શાકભાજીથી લઈને રાંધણ ગેસ સુધીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. સરકાર વિકાસના કામ તરીકે ટાંકીને મોંઘવારી ઉપર પોતાનો બચાવ કરી રહી છે. આજની તારીખમાં વિમાનો માટેના ઈંધણ કરતા પણ પેટ્રોલ વધુ મોંઘુ થઈ ગયું છે. દિલ્હીમાં એરક્રાફટ ફયુઅલ ૭૯ રૂા.પ્રતિ લીટરના હિસાબ સાથે મળે છે. જયારે પેટ્રોલ ૧૦૦ રૂા.ની સપાટી વટાવી ગયું છે. તેલની



કિંમતોમાં સતત વધારો થયો છે. દિલ્હીમાં પેટ્રોલ ૧૦૫.૮૪ રૂા.માં વેચાઈ રહ્યું છે તો મુંબઈમાં આનો દર ૧૧૧.૭૭ રૂા.થઈ ગયું છે. મુંબઈમાં ડીઝલ પણ ૧૦૩.૫૨ રૂા.નું થઈ ગયું છે.બીજીબાજુ આપણેજો રાંધણ ગેસની વાત કરીએ તો આ મહિનામાં તેની કિંમત ૧૫ રૂા. વધી ગઈ છે. આ વધારા પછી રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં રાંધણ ગેસનો બાટલો હવે ૮૮૪.૫૦ રૂા.થી વધીને ૮૯૯.૫૦ રૂા. પ્રતિ સિલિન્ડરની કિંમતે વેચાય છે. ત્યાં જ તેલના વધતા ભાવને લઈને હાલમાં રાહત મળવાની કોઈ આશા નથી. કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહ પુરીએ ઉલ્લેખ કરી દીધુ છે કે અત્યારે હાલમાં તેલના ભાવમાં કોઈ ઘટાડો થશે નહીં

# ગોવાની ચૂંટણીકીય રાજનીતિમાં TMCની છલાંગ પાછળ એક સ્થાનિક મીડિયા ગ્રુપની મહત્વની ભૂમિકા

(એજન્સી) તા.૨૦ સપ્ટે.ના અંતમાં તૃણમૂલ કોંગ્રેસમાં પોતાના પક્ષાંતરની જાહેરાત કરવા માટે યોજવામાં આવેલ પત્રકાર પરિષદમાં કોંગ્રેસના પૂર્વ નેતા લુઈ ઝીન્હો ફેલેરીયોએ કબૂલ્યું હતું કે તેઓ ટીએમસીના નેતાઓને મળ્યા નથી કે તેમની સાથે વાત કરી નથી. તેમણે પ્રેસ કોન્ફરન્સ ખાતે ટીએમસીના ડેરેક ઓ બ્રાયન અને અન્ય તરફ અંગુલિનિર્દેશ કરીને જણાવ્યું હતું કે પ્રથમ વખત આ તેમની મુલાકાત થઈ છે. ઈન્ડિયન પોલિટીકસ એકશન કમિટીના (આઈપીએસી) પ્રશાંત કિશોરે આ હીલચાલમાં ભૂમિકા ભજવી હતી. ફેલેરિયોએ જણાવ્યું હતું કે ચૂંટણી જીતવામાં પ્રશાંત કિશોર મોટા જાદુગર છે. આઈપીએસીના આગમન અને ગોવાના ચૂંટણી માહોલમાં કાર્પેટ બોમ્બિંગ પાછળ એક સ્થાનિક મીડિયા ગ્રુપ છે જે રાજકીય વગદારની ભૂમિકા ભજવે છે. ઓ હેરાલ્ડો અખબારના મુખ્ય તંત્રી અને માલિક રાઉલ ફર્નાન્ડીસ જણાવે છે કે તેઓ થોડા મહિના પૂર્વે રાહુલને પણ મળ્યાં હતાં. મેં તેમને પૂછ્યું હતું કે શું તેમને રાજ્યના એટલે કે ગોવામાં રસ છે અને કોંગ્રેસમાં કેટલાક સારા લોકો આવે એવું ઈચ્છો છો ? પરંતુ રાહુલ ગાંધીએ કોઈ રસ દાખવ્યો નહતો. જો કે કોંગ્રેસ આ વાત સાથે સંમત નથી. પક્ષની નિમણૂંકોમાં બદલાવ માટે ચોક્કસ માંગણીઓ કરવામાં આવી હતી એવું કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ ધ વાયરને જણાવ્યું હતું. કોંગ્રેસ પક્ષ ઉપર આ રીતે પોતાની શરતો લાદનાર ફર્નાન્ડીસ કોણ છે ? તેઓ ગોવામાં રાજકીય બ્રોકરની ભૂમિકા ભજવવાના બદલે પોતાના અખબારને ચલાવવા ઉપર ધ્યાન કેમ કેન્દ્રીત કરતાં નથી પ.બંગાળમાં મમતા બેનરજીની પ્રચંડ જીતના પગલે પ્રશાંત કિશોરે ૨૦૨૪માં મોદી સામે વિપક્ષીના ચહેરા તરીકે બેનરજીને રજૂ કરવા તેમણે પશ્ચિમ સમુદ્રકાંઠાના આ રાજયમાં પગપેસારો કરવાનું શરૂ કર્યુ હતું. જે દિવસે ફેલેરિયોર ટીએમસીમાં જોડાયા એ દિવસ ઓ હેરાલ્ડોએ હેડલાઈનમાં લખ્યું હતું કે ગોવામાં હવે નવા પ્રભાતનો આરંભ થશે. આઈપીએસીએ પણ એ જ દિવસે પોતાની પ્રેસ નોટમાં આજ હેડલાઈન લખી હતી. ૨૦૧૨ની ચૂંટણીથી અને ભાજપના નેતા મનોહર પર્રીકરે સ્થાનિક પ્રેસ સાથે સફળ વ્યવસ્થાપન કર્યુ હતું જેમાં ઓ હેરાલ્ડોનો પણ સમાવેશ થતો હતો અને તેના કારણે કોંગ્રેસ વિરોધી ઝુંબેશ ઉપાડવામાં આવી હતી જેમાં રાજકીય ભ્રષ્ટાચારને નિશાન બનાવવામાં આવ્યાં હતાં અને ગોવાના મીડીયાએ પેડ ન્યુઝ ઉપર કામ કર્યુહતું.

# જાહેર આરોગ્યને ભારતમાં મૂળભૂત અધિકારનો દરજ્જો આપવો જોઈએ

**જો કે નેશનલ હેલ્થ પોલિસી ૨૦૧૭માં કોર્પોરેટ કેન્દ્રિત અને વીમા આધારિત હેલ્થ કેર સિસ્ટમમાં મોટી છલાંગ મારવામાં આવી હતી**

મુંબઈ તા.૧૭ આપણા દેશમાં દર એકલાખની વસ્તીમાંથી દરરોજ ૩૨ લોકો ટીબીના કારણે મોતને ભેટે છે એ વાત ખરેખર ગંભીર રીતે ચિંતાજનક અને સાથે સાથે શરમજનક પણ છે. તાજેતરમાં ઉ.પ્ર.માં ડેંગ્યુ તાવ અને એનસેફેલાઈટિસને કારણે મોટી સંખ્યામાં બાળકોને મોતના મોમાં ધકેલાતા જોવા મળ્યા છે. આવી જ પરિસ્થિતિ ડાયેરિયા, મેલેરિયા અને અન્ય સંક્રામક રોગોની છે. કોવિડ મહામારીએ જે હાહાકાર મચાવ્યો હતો તેનો ઉલ્લેખ કરવાની જરૂર નથી. ગેરવ્યવસ્થાપન અને ખોટી અગ્રીમતાઓને કારણે આપણે હજારોના મૃત્યુ અટકાવવામાં નિષ્ફળ રહ્યાં હતાં. માત્ર સંક્રામક રોગો જ નહીં પરંતુ હવે બિનસંક્રામક રોગો પણ વધી રહ્યાં છે. એક અંદાજ અનુસાર ૨૯.૮ ટકા ભારતીયો હાઈપર ટેન્શનથી પીડાય છે. ૨૦૧૭માં ભારતમાં ચીન બાદ બીજા નંબરે ૭.૨૯ કરોડ ડાયાબિટીસના દર્દીઓ હતાં અને ભારત હવે વિશ્વની ડાયાબિટીસ રાજધાની ટૂંક સમયમાં બનનાર છે. દર બે ભારતીયોએ એક ભારતીય ડાયાબિટીસનો ભોગ બનેલ છે. દર ૧ લાખની વસ્તીએ ૨૬ લોકો ડાયાબિટીસને કારણે મોતને ભેટે છે. આ બધું જોતાં એવું લાગે છે કે સરકારે નાગરિકોને સમાન હેલ્થ કેર પૂરી પાડવાના સંકલ્પ સાથે સર્વગ્રાહી હેલ્થ પ્લાનિંગ કરવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો જાહેર આરોગ્યને ભારતમાં મૂળભૂત અધિકારનો દરજ્જો પ્રાપ્ત થવો જોઈએ. વિશ્વ આરોગ્ય સંઘે પણ જણાવ્યું છે કે સ્વાસ્થ્યનો સર્વોચ્ચ ધોરણ સાથેનો ભોગવટો એ જાતિ, ધર્મ, રાજકીય માન્યતા આર્થિક કે સામાજિક સ્થિતિના ભેદભાવ વગર પ્રત્યેક માનવીનો મૂળભૂત અધિકાર છે. વિશ્વ આરોગ્ય સંઘના મામલામાં ભારત સક્રિય ભાગીદાર હોવા છતાં આપણા દેશમાં આજની તારીખ સુધી જાહેર આરોગ્યને મૂળભૂત અધિકારનો દરજ્જો આપવામાં આવ્યો નથી અને તેથી નાગરિકને લોકોની આરોગ્યની જરૂરિયાતોની પૂર્તતા કરવામાં નિષ્ફળતા બદલ સરકારને કાયદાની અદાલતમાં પડકારવાનો કોઈ અધિકાર નથી. લોકોના આરોગ્યની સરકારની જવાબદારીનો ઉલ્લેખ ભારતીય બંધારણના ચોથા ભાગમાં માર્ગદર્શક સિધ્ધાંતો હેઠળ કરવામાં આવેલ છે. ધ નેશનલ હેલ્થ પોલિસી (એનએફટી) ૨૦૧૭માં જો કે કોર્પોરેટલક્ષી અને વીમા આધારિત હેલ્થ કેર સિસ્ટમમાં એક મોટી છલાંગ લગાવવામાં આવી હતી. વિશ્વ આરોગ્ય સંઘ દ્વારા આરોગ્ય પાછળ જીડીપીના લઘુતમ ૫ ટકા ખર્ચ કરવાની ભલામણ કરવામાં આવી છે. જ્યારે ભારતના યોજના પંચે એવું જણાવ્યું હતું કે આરોગ્ય પાછળ ૧૨મી પંચવર્ષીય યોજનાના અંત સુધીમાં જીડીપીના અઢી ટકા અને ૨૦૨૨ સુધીમાં ૩ ટકા ખર્ચ કરાશે.

# મોદી અને યોગી વચ્ચે ખરેખર તિરાડ છે કે પછી આવી વાતો ઉછાળવામાં આવી છે ?

**મોદી અને યોગી વચ્ચેની તિરાડના અહેવાલોમાં કોઈ તથ્ય છે કે કેમ તે અંગે કોઈપણ ચોક્કસપણે કહી શકે તેમ નથી. પરંતુ ભાજપના અંદરના વર્તુળો બંને વચ્ચે મતભેદો અને અણબનાવના અહેવાલો ઉપર ચિંતિત છે**

લખનૌ તા.૨૦ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુપીના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ વચ્ચે મતભેદો અને અણબનાવ હોવાના અહેવાલો ભાજપમાં વહેતાં થયાં છે. રાજ્યકક્ષાના ગૃહ પ્રધાનના પુત્રએ આંદોલનકારી ખેડૂતો ઉપર ગાડી ઈરાદાપૂર્વક ફેરવી દઈને ચાર ખેડૂતોને કચડી નાખવાની ઘટના બાદ ઉદ્ભવેલી સ્થિતિ સાથે કામ લેવાની બાબતમાં બંને વચ્ચે મતભેદો ઊભા થયાં હોવાનું જાણવા મળે છે. યોગી આદિત્યનાથ એવું ઈચ્છતા હતા કે કેન્દ્રીય પ્રધાનને કેબિનેટમાંથી પડતાં મૂકવામાં આવે અને તેમના પુત્રની ધરપકડ કરવામાં આવે, જ્યારે આવી કોઈ કાર્યવાહી નહીં કરવાની તેમને સલાહ આપવામાં આવી હતી. અંદરના વર્તુળો એવું કહે છે કે પ્રધાનના પુત્રની ધરપકડ કરવામાં શરૂઆતમાં અસમર્થતા બદલ યોગી આદિત્યનાથ ટ્રોલ થયાં હતાં. આ મુદ્દે કૂણું વલણ દાખવવાની ફરજ પાડીને મોદીએ ઉ.પ્ર વિધાનસભા ચૂંટણીના ચાર મહિના પૂર્વે યોગીની છબી ખરડાય તે સુનિશ્ચિત કર્યુ છે. આ ઘટનામાં માર્યા ગયેલ ચારેય ખેડૂતો શીખ હતા જ્યારે ભાજપના કાર્યકરો અને ડ્રાઈવર બ્રાહ્મણ હતા. આમ પણ બ્રાહ્મણોની ઉપેક્ષા અને અવગણના કરવા બદલ યોગી બ્રાહ્મણોના રોષનો સામનો કરી રહ્યાં છે. તેઓ આરોપીઓની ધરપકડ કરવા માગતાં હતાં પરંતુ મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ સહિત ટોચની નેતાગીરીએ તેમને આવું કોઈ પગલું નહી ભરવા સમજાવ્યું હતું અને જણાવ્યું હતું કે અન્યથા વિધાનસભા ચૂંટણીમાં બ્રાહ્મણો ભાજપની વિરૂધ્ધ ઊભા થશે. આમ પણ રાજ્યમાં બ્રાહ્મણ મતદારો શક્તિશાળી છે. ૧૯૮૯ સુધી યુપીના ૧૪ મુખ્ય પ્રધાનોમાં સાત બ્રાહ્મણ હતાં. કેન્દ્રીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રી અજય મિશ્રા ટેની વગદાર બ્રાહ્મણ નેતા નથી પરંતુ મોદીએ પોતાની લાક્ષણિક સ્ટાઈલ મુજબ તેમની પસંદગી કરી હતી પરંતુ તેમની પસંદગી કરતાં પહેલા યોગી



આદિત્યનાથ સાથે તેમણે કોઈ પરામર્શ કર્યો ન હતો. આ ઉપરાંત ચૂંટણીમાં ભાજપનો ચહેરો કોણ હશે તે બાબતે પણ મતભેદો પ્રવર્તે છે. આથી સવાલ એ ઊભો થાય છે કે મોદી અને યોગી વચ્ચે ખરેખર તિરાડ પડી છે કે પછી આવી વાતો ઉછાળવામાં આવી રહી છે? મોદી અને યોગી વચ્ચેની તિરાડના અહેવાલોમાં કોઈ તથ્ય છે કે કેમ તે અંગે કોઈ પણ ચોક્કસપણે કહી શકે તેમ નથી. પરંતુ ભાજપના અંદરના વર્તુળો બંને વચ્ચે મતભેદો અન અણબનાવના અહેવાલો ઉપર ચિંતિત છે.

# એર ઈન્ડિયાને સુધારવા માટે ટાટાએ મહેનત કરવી પડશે

**લાંબા અંતરના ઉડ્ડયનોને વધુ સરળ બનાવવામાં આવે. લંડનમાં તમે વિમાનના ઉડાનમાં માત્ર ૧૫ મિનિટ પહેલાં હવાઈ મથક પહોંચીને વિમાનમાં પ્રવેશ કરી શકો છે. જ્યારે આપણે ત્યાં સિક્યુરિટી વગેરેમાં ૧-૨ કલાક લાગવો સામાન્ય વાત છે. તેથી સરકારે વિચારવું જોઈએ કે સિક્યુરિટી ચેક અને લગેજ પોતાના સામાનને પરત મેળવવાની વ્યવસ્થામાં સુધારો કરે. સાથે સાથે શહેરોના બહુ દૂરના વિસ્તારોથી એરપોર્ટ સુધી પહોંચવા માટે સડક, મેટ્રો, વગેરેની યોગ્ય વ્યવસ્થા કરે જેનાથી આપણા દેશમાં લાંબા અંતરના ઘરેલુ ઉડ્ડયનનો ભરપૂર ઉપયોગ થઈ શકે**

૭૦ વર્ષ સુધી સરકારી વ્યવસ્થાના દુરાચાર બાદ એર ઈન્ડિયા ફરીથી ટાટા સમૂહને વેચી દેવામાં આવી છે. પરંતુ એર ઈન્ડિયાને ફરીથી પાટા ઉપર લાવવા માટે ટાટાને મહેનત કરવી પડશે. વીતેલા સમયમાં આપણા દેશમાં ઘરેલુ ઉડ્ડયનની સ્થિતિ બારાબર ચાલી રહી નથી. જેટ એરવેઝ બંધ થઈ ગઈ છે. સ્પાઈસ લગભગ બંધ થઈ ગઈ હતી. ઈન્ડિગોના નફામાં ભારે ઘટાડો આવ્યો છે અને એર ઈન્ડિયાની ખોટને પૂરી કરવા માટે દેશના નાગરિક પાસેથી વધુ ટેકસ વસૂલ કરવામાં આવે છે. તેથી ઘરેલુ ઉડ્ડયનની મૂળ સમસ્યાઓને પણ સરકારે દૂર કરવી પડશે. મુખ્ય સમસ્યા એ છે કે આપણા દેશમાં હવાઈ યાત્રાને રેલ અને સડકનો વિકલ્પ ઉપલબ્ધ છે. જેના કારણે હવાઈ યાત્રા લાંબા અંતરમાં જ સફળ થતી દેખાઈ રહી છે. જેમ કે દિલ્હીથી બેંગ્લુરૂની રેલવે દ્વારા એસી-૨માં યાત્રાનું ભાડું ૨૯૨૫ રૂપિયા છે જ્યારે એક મહિના પહેલાંની હવાઈ યાત્રાનુ ભાડું ૩૧૭૦ રૂપિયા છે. બંને લગભગ બરાબર છે. અંતર એ છે કે રેલ યાત્રાથી પ્રવાસમાં ૧ દિવસ અને બે રાતનો સમય લાગે છે અને ભોજન વગેરેનો ખર્ચ પણ પડે છે. જેને જોડી લઈએ તો રેલ યાત્રા હવાઈ યાત્રાની સરખામણીમાં મોંઘી પડે છે. સરખામણીમાં હવાઈ યાત્રામાં કુલ સાત કલાક લાગે છે. તેથી લાંબા અંતરની યાત્રામાં હવાઈ યાત્રા સફળ છે. હા, જો તમારે તત્કાલ યાત્રા કરવી હોય તો પરિસ્થિતિ બદલાઈ જાય છે. એ સમયે હવાઈ યાત્રા મોંઘી થઈ જાય છે. જેમ કે દિલ્હીથી બેંગ્લુરૂનું ભાડું ૧૦,૦૦૦ રૂા. પણ થઈ શકે છે જ્યારે એસીટુનું ભાડું એ જ ૨૯૨૫ રૂા. રહે છે. જો ટિકિટ ઉપલબ્ધ હોય. તેથી તત્કાલ યાત્રાને છોડી દઈએ તો લાંબા અંતરની યાત્રામાં હવાઈ યાત્રા સફળ છે. આની સરખામણીમાં મધ્યમ અંતરની યાત્રાની સ્થિતિ અલગ થઈ જાય છે. દિલ્હીથી લખનૌનું એસી-૨નું ભાડું ૧૧૦૦ રૂા. છે. જયારે એક મહિના પહેલાંની હવાઈ યાત્રાનું ભાડું ૧૮૨૭ રૂા. છે. રેલવે યાત્રામાં એક લાભ એ પણ છે કે તમે આ યાત્રાને રાત્રિમાં કરી શકો છો જેનાથી તમારા દિવસનો સમય બચી રહે. જ્યારે હવાઈ યાત્રા તમારે દિવસમાં કરવી પડે છે અને એમાં તમારો લગભગ અડધો દિવસ ખરાબ થઈ જાય છે. તેથી દિલ્હીથી લખનૌની યાત્રા ભાડું અને સમય બંનેની દૃષ્ટિથી રેલવે દ્વારા સફળ છે. જો નાના અંતરની વાત કરીએ તો દિલ્હીથી દહેરાદૂન રેલ, સડક અને હવાઈ યાત્રા બધામાં લગભગ પાંચ કલાકનો સમય લાગે છે. હવાઈ યાત્રાના બંને તરફ હવાઈ મથક પર દૂર હોય છે. (૧+૧ કલાક), ચેકિંગ કરાવવું પડે છે. (દોઢ કલાક) અને લગેજ લેવામાં સમય લાગે છે. (દોઢ કલાક) સમયના આ વેડફાટના કારણે જો હવાઈ યાત્રા માત્ર એક કલાકનો સમય લાગે છે. પરંતુ ઘર સુધી કુલ સમય ચાર કલાક લાગે છે. જો કે માર્ગથી લાગતો પાંચ કલાક લગભગ બરાબર છે. હવાઈ યાત્રામાં તમારે લાઈનમાં ઊભું રહેવું પડે છે. લગેજ લેવા માટે રાહ જોવી પડશે અને એરપોર્ટ સુધી પહોંચવામાં પણ મહેનત કરવી પડશે. તેથી મધ્યમ અંતરની યાત્રા જેમ કે દિલ્હીથી લખનૌ અને નાના અંતરની યાત્રા જેમ કે દિલ્હીથી દહેરાદૂન રેલવે કે સડક છે અને લાંબા અંતરની યાત્રા જેમ કે બેંગ્લુરૂમાં હવાઈ યાત્રા સફળ છે. એટલું જરૂરી છે કે જો તત્કાલ યાત્રા કરવાની હોય તો હવાઈ યાત્રા સફળ થઈ શકે છે. અહીં એક વિષય એ પણ છે કે હંમેશા પ્રાદેશિક ઉડાનો લાંબી ઉડાનોને જોડે છે. જેમ કે દહેરાદૂનથી દિલ્હી તમે એક ઉડાનથી આવો અને ફરી દિલ્હીથી કોલકાતા બીજી ઉડાનથી ગયા. આ રીતે મોટા હવાઈ મથકોને હબ બનાવી દેવામાં આવ્યા છે. જ્યાં કોઈ એક સમયે તમામ પ્રાદેશિક ઉડાનો પહોંચે છે અને એના થોડા સમય બાદ તમામ લાંબી ઉડાનો નીકળે છે. આવું કરવાથી પ્રાદેશિક ઉડાનોને દહેરાદૂનથી કોલકાતા અથવા બેંગ્લુરૂની ઉડાન ભરવી સરળ થઈ જાય છે. પરંતુ મારૂ અનુમાન છે કે પ્રાદેશિક ઉડાનોમાં આ લાંબા અંતરની ઉડાનોના યાત્રીઓનો સમય ઓછો થઈ જાય છે. જેના કારણે લાંબા અંતરની યાત્રાથી જોડવા છતાં પ્રાદેશિક ઉડાનો સફળ થઈ



રહી નથી. સરકારની નીતિ આ કડવા સત્યને નજરઅંદાજ કરતી જોવા મળી રહી છે. કેન્દ્ર સરકારે ૨૦૧૨માં એક વર્કિંગ ગ્રુપ બનાવ્યુંહતું. જેને ઘરેલુ ઉડાનોને ઉત્તેજન આપવા માટે મંતવ્ય આપવાનું કહેવામાં આવ્યું હતું. ગ્રુપે કહ્યું હતું કે પ્રાદેશિક ઉડ્ડયનને સબસિડી આપવી જોઈએ. એ બાદ સરકારે રાષ્ટ્રીય ઘરેલુ ઉડ્ડયન નીતિ બનાવી. જે અંતર્ગત પ્રાદેશિક ઉડાનોને ત્રણ વર્ષ સુધી સબસિડી આપવાનું શરૂ કરવામાં આવી. હાલમાં ૨૦૧૮ આંતરરાષ્ટ્રીય સલાહકારી કંપની ડિલાઈટે પણ નાના શહેરોના ઉડ્ડયનના વિસ્તારની વાત કહી છે. પરંતુ આ બધી ભલામણોને અમુક હદ સુધી લાગુ કરવા છતાં ઘરેલુ ઉડ્ડયનની સ્થિતિ ખરાબ જ રહી છે. જેમ કે એર ઈન્ડિયા, જેટ એરવેઝ, સ્પાઈસ જેટ અને ઈન્ડિગોની ખરાબ સ્થિતિમાં દેખાઈ પડે છે. તેથી સરકારને પોતાની ઉડ્ડયન નીતિમાં પરિવર્તન કરવું પડશે. જરૂરત એ વાતની છે કે લાંબા અંતરના ઉડ્ડયનોને વધુ સરળ બનાવવામાં આવે. લંડનમાં તમે વિમાનના ઉડાનમાં માત્ર ૧૫ મિનિટ પહેલાં હવાઈ મથક પહોંચીને વિમાનમાં પ્રવેશ કરી શકો છે. જ્યારે આપણે ત્યાં સિક્યુરિટી વગેરેમાં ૧-૨ કલાક લાગવો સામાન્ય વાત છે. તેથી સરકારે વિચારવું જોઈએ કે સિક્યુરિટી ચેક અને લગેજ પોતાના સામાનને પરત મેળવવાની વ્યવસ્થામાં સુધારો કરે. સાથે સાથે શહેરોના બહુ દૂરના વિસ્તારોથી એરપોર્ટ સુધી પહોંચવા માટે સડક, મેટ્રો, વગેરેની યોગ્ય વ્યવસ્થા કરે જેનાથી આપણા દેશમાં લાંબા અંતરના ઘરેલુ ઉડ્ડયનનો ભરપૂર ઉપયોગ થઈ શકે. એ દૃષ્ટિથી દિલ્હીના ઈન્દિરા ગાંધી આં.રા. વિમાન મથકના વિસ્તારની યોજના યોગ્ય છે. કારણ કે આ લાંબા અંતરની યાત્રાઓ સરળ થઈ જશે. આ દૃષ્ટિથી એર ઈન્ડિયાની સ્થિતિ પણ સારી છે, કારણ કે એર ઈન્ડિયા પાસે તમામ વિદેશી એરપોર્ટોમાં આપણા વિમાનોને ઊતરવાનો અધિકાર છે. તેથી લાંબા અંતરની વિદેશી ઉડાનોમાં એર ઈન્ડિયા સફળ થઈ શકે છે. એર ઈન્ડિયાના પ્રકરણથી જ એક વિષય એ પણ નીકળે છે કે ૭૦ વર્ષની સરકારી વ્યવસ્થામાં આ કંપનીની સ્થિતિ ખરાબ થઈ ગઈ છે. આ રીતથી સરકારી બેંકો, ઈન્સ્યોરન્સ કંપનીઓ, કોલ ઈન્ડિયા વગેરે એકમો વગેરેનો સમય રહેતા ખાનગીકરણ કરી દેવું જોઈએ. આ પ્રકારે એર ઈન્ડિયાનું ખાનગીકરણ મોટી ખોટ ખાધા બાદ કરવામાં આવ્યું એવી જ સ્થિતિ આ એકમોની સાથે ઉત્પન્ન થવી જોઈએ નહીં

# AIIMS નર્સિંગ ઓફિસર પદ ઉપર ભરતી માટે CET રજિસ્ટ્રેશન શરૂ

નવી દિલ્હી તા. ૨૦

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS)એ નર્સિંગ ઓફિસર રિક્રુટમેન્ટ કોમન એલિજિબિલિટી ટેસ્ટ (NORCE) ૨૦૨૧ માટે અરજી પ્રક્રિયા શરૂ કરી છે. કેન્દ્રીય સરકારી હોસ્પિટલો માટે નર્સિંગ ઓફિસર (સ્ટાફ નર્સ-ગ્રેડ II)ની પોસ્ટ માટે ભરતી કરવા ઈચ્છુક ઉમેદવારો અરજી કરી શકે છે.

નર્સિંગ ઓફિસર રિક્રૂટમેન્ટ કોમન એલિજિબિલિટી ટેસ્ટ (Nursing Officer Recruitment Common Eligibility Test) માટે અરજી કરવા ઈચ્છુક ઉમેદવારો સત્તાવાર વેબસાઈટ-aiimsexams.ac.in પર પોતાની નોંધણી કરાવી શકે છે. આ માટેની અરજીની પ્રક્રિયા ૧૬ ઓક્ટોબરથી શરૂ થઈ છે. રસ ધરાવતા ઉમેદવારો ૩૦ ઓક્ટોબર ૨૦૨૧ સુધી ઓનલાઈન અરજી કરી શકે છે. AIIMS દ્વારા બહાર પાડવામાં આવેલા સમયપત્રક મુજબ, નિર્ધારિત છેલ્લી તારીખ સુધી અરજી કર્યા પછી ઉમેદવારો ૩૧ ઓક્ટોબરથી ૧ નવેમ્બર ૨૦૨૨ની વચ્ચે તેમની અરજીમાં સુધારો અથવા સુધારો કરી શકશે.

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS) દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન મુજબ ઉમેદવારોની નોંધણી અને જરૂરી સુધારા અથવા સુધારા પછી સંસ્થાને ફોટોગ્રાફ અથવા અન્ય વિગતોમાં થયેલી ભૂલો સુધારવાની તક આપવામાં આવશે. આ માટે ઉમેદવારોની યાદી બહાર પાડતી વખતે સુધારા માટેની વિન્ડો ૬ નવેમ્બરથી ૯ નવેમ્બર સુધી ફરી ખોલવામાં આવશે.

એઈમ્સ દ્વારા ૧૨ નવેમ્બર ૨૦૨૧ ના રોજ માન્ય રજિસ્ટ્રેશનની યાદી બહાર પાડવામાં આવશે, ત્યારબાદ ૧૪ નવેમ્બરે એડમિટ કાર્ડ અને ૨૦ નવેમ્બર ૨૦૨૧ ના રોજ ઓનલાઈન મોડ પરીક્ષા લેવાનાર છે.

સૌ પ્રથમ, ઉમેદવારો સત્તાવાર વેબસાઈટ aiimsexams.ac.in ઉપર જાય. વેબસાઈટના હોમપેજની જમણી બાજુએ આપેલ 'Online Registration for the recruitment of Nursing Officer Recruitment Common Eligibility Test (NORCET)-૨૦૨૧ Session has been started લિંક ઉપર ક્લિક કરો.

જો તમે પહેલાથી જ યૂઝર છો તો લોગઈન કરો જો નથી તો પછી નવું રજિસ્ટ્રેશન કરો. હવે અરજી ફોર્મ ભરો અને આગળ વધો બટન દબાવો. તેમાં ચુકવણી કરો અને શહેરની પસંદગી ભરો, તે પછી તમારો ફોટો અપલોડ કરો.

# દિવાળી ઉપર નોન-પ્રોડક્ટિવીટી લિંક્ડ બોનસ આપવામાં આવશે

નવી દિલ્હી તા. ૨૦

નાણા મંત્રાલયે કેન્દ્ર સરકારના કર્મીઓને દિવાળીના અવસરે નોન - પ્રોડક્ટિવિટી લિંક્ડ બોનસ આપવાની જાહેરાત કરી છે . આના હેઠળ તમામ પાત્ર કર્મીઓને ૩૦ દિવસના વેતન જેટલી રકમ મળશે. કેન્દ્ર સરકારના ગ્રૂપ બી અને ગ્રૂપ સી અંતર્ગત આવનારા તે અરાજપત્રિત કર્મચારી , જે કોઈ પ્રોડક્ટિવિટી લિંક્ડ બોનસ સ્કીમ હેઠળ આવતા નથી, તેમને પણ આ બોનસ આપવામાં આવશે. એડહોક બોનસનો ફાયદો કેન્દ્રીય અર્ધસૈનિક દળના તમામ યોગ્ય કર્મીઓને પણ મળશે.

નાણા મંત્રાલય દ્વારા જારી આદેશ અનુસાર એડહોક બોનસ હેઠળ જે રકમ આપવામાં આવે છે, તેનુ નિર્ધારણ કરવા માટે એક નિયમ બનાવવામાં આવ્યો છે.

કર્મીઓનુ સરેરાશ વેતન , ગણનાની ઉચ્ચતમ સીમા અનુસાર જે પણ ઓછુ હોય , તેના આધારે બોનસ જોડવામાં આવે છે . જો કોઈ કર્મીને સાત હજાર રૂપિયા મળી રહ્યા છે , તો તેમના ૩૦ દિવસનુ માસિક બોનસ લગભગ ૬૯૦૭ રૂપિયા રહેશે. આ પ્રકારના બોનસનો ફાયદો , કેન્દ્ર સરકારના તે કર્મચારીઓને જ મળશે , જે ૩૧ માર્ચ ૨૦૨૧ને સેવામાં રહ્યા છે.

તેમણે વર્ષ ૨૦૨૦ - ૨૧ દરમિયાન ઓછામાં ઓછુ છ મહિના સુધી સતત ડ્યુટી કરી છે. નાણા મંત્રાલયના આદેશમાં કહેવામાં આવ્યુ છે જે કર્મચારી અસ્થાયી રીતે એડહોક બેસ ઉપર નિયુક્ત થયા છે , તેમને પણ આ બોનસ મળશે, બશર્તે તેમની સેવાની વચ્ચે કોઈ બ્રેક ન રહ્યો હોય . એવા કર્મચારી જે ૩૧ માર્ચ ૨૦૨૧એ અથવા તેના પહેલા સેવાથી બહાર થયા હોય, તેમણે ત્યાગપત્ર આપ્યુ હોય અથવા સેવાનિવૃત થયા હોય તેને સ્પેશ્યલ કેસ માનવામાં આવશે. જેના હેઠળ તે કર્મચારી , જે અમાન્ય રીતથી મેડીકલ આધારે ૩૧ માર્ચથી પહેલા રિટાયર થઈ ગયા અથવા દિવંગત થઈ ગયા છે પરંતુ તેમણે નાણાકીય વર્ષમાં છ માસ સુધી નિયમિત ડ્યુટી કરી છે તો તેને એડહોક બોનસના યોગ્ય માનવામાં આવશે. આ માટે સંબંધિત કર્મચારીની નિયમિત સેવા કરી નિકટવર્તી સંખ્યાને આધાર બનાવીને પ્રોરાટા બેસિસ ઉપર બોનસ નક્કી હશે.

# ચીનથી આવતા મોબાઈલ અને તેમાં ઈન્સ્ટોલ કરાયેલી એપ્લિકેશન દ્વારા જાસૂસી થઈ રહી હોવાની સરકારને શંકા, નવા નિયમો લાગુ કરશે

નવી દિલ્હી તા.૨૦

ભારતમાં મેડ ઈન ચાઈના વસ્તુઓનું પ્રમાણ વધી રહ્યું છે સાથે તેના જોખમ પણ એટલા જ રહ્યા છે. હવે એવા અહેવાલો છે કે, ભારતમાં જે ચીનના મોબાઈલ છે તેના દ્વારા મોબાઈલ વડે જાસુસી કરવામાં આવી શકે છે.

આ સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે કેટલાક નવા નિયમો ઘડવાની તૈયારી શરૂ કરી દીધી છે. ખાસ કરીને ચીનથી આવતા સ્માર્ટફોન અને તેમાં ઈન્સ્ટોલ કરાયેલી એપ્લિકેશન ભારતીય યૂઝર્સની જાસુસી માટે તો ઉપયોગમાં નથી લેવાઈ રહીને તેની ચકાસણી ચાલી રહી છે. આ જાણકારી મેળવવા માટે નવા નિયમો લાગુ કરવાની સરકાર તૈયારી કરી રહી છે.

નવા નિયમો અનુસાર મોબાઈલ હેન્ડસેટના ટિયર-ડાઉન એટલે કે ફોનના બધા જ પાર્ટ્સની તપાસ અને ઈન-ડેપ્થ ટેસ્ટિંગ ફરજિયાત બનાવવામાં આવી શકે છે. એટલે કે ચીનથી આવતા મોબાઈલની સંપૂર્ણ ચકાસણી કરવામાં આવશે અને તે પછી જ તેને માર્કેટમાં મુકવામાં આવે તેવી શકયતાઓ છે. સરકાર ટેલિકોમ ઈક્વિપમેંટ અને નેટવર્કિંગ પ્રોડક્ટ્સના સુત્રોએ જણાવ્યું હતું કે, કંપનીઓની એક યાદી તૈયાર કરવામાં આવી રહી છે. જેનાથી કથિત સાયબર જાસૂસીની તપાસ કરવામાં મદદ મળશે. એવા અહેવાલો છે કે, સરકારે આ પગલું ચીનની મોટી કંપનીઓ જેવી કે હુવાવે અને ઝેટડીઈને ટેલિકોમ નેટવર્કિંગના સંવેદનશીલ ક્ષેત્રથી દુર રાખવા માટે લીધુ હોઈ શકે છે. આ નિયમ માત્ર ચીની કંપનીઓ જ નહીં પુરી ઈન્ડસ્ટ્રી ઉપર લાગુ થઈ શકે છે અને તેમાં ચીનની બનાવટની પ્રોડક્ટ્સ ઉપર વધુ ધ્યાન રાખવામાં આવશે. આ ઉપરાંત ચીનની કંપનીઓ માટે સરકાર વિશેષ નિયમો પણ લાગુ કરવાની તૈયારીમાં છે.

# ભારતનાં ૯ સૈનિકો શહીદ થયા ત્યારે આપણે પાકિસ્તાન સાથે ટવેન્ટી-ટવેન્ટી રમશું : ઓવૈસી

## કાશ્મીરમાં ટાર્ગેટેડ કિલિંગ થઈ રહી છે : હથિયાર આવી રહ્યાં છે : ઈન્ટેલિજન્સ શું કરે છે ?

હૈદરાબાદ તા.૨૦

હૈદરાબાદથી લોકસભા સાંસદ અસદુદ્દીન ઓવૈસી દ્વારા ટી-૨૦ વિશ્વ કપ દરમ્યાન ભારત અને પાકિસ્તાનની વચ્ચે થનારા મેચ ઉપર સવાલ કરવામાં આવ્યાં છે. તેણે કહ્યું કે, એક તરફ જમ્મૂ અને કાશ્મીરમાં ૯ જવાન શહીદ થઈ ગયા અને બીજી તરફ કેન્દ્ર સરકાર ૨૪ ઓકટોબરનાં ક્રિકેટ મેચ રમાડી રહ્યાં છે. પ્રધાનમંત્રીનાં નિવેદનનો ઉલ્લેખ કરતાં ઓવૈસી કહે છે, શું તેઓએ નહોતું કહ્યું કે, ફોજ મરી રહી છે અને મનમોહન સિંહની સરકાર બિરયાની ખવડાવી રહી છે. હવે ૯ સૈનિકો શહીદ થયા તો પણ આપણે ટી-૨૦ રમશું ? એવામાં પાકિસ્તાનનાં પાકિસ્તાન કાશ્મીરમાં ભારતીયોનાં જીવના ભોગે જીવથી ટી-૨૦ રમી રહ્યાં છે. જમ્મૂ અને કશ્મીરમાં થઈ રહેલી હત્યાઓ ઉપર ઓવૈસીનું કહેવું છે કે, કાશ્મીરમાં ટાર્ગેટેડ કિલિંગ થઈ રહી છે. હથિયાર આવી રહ્યાં છે. ઈન્ટેલિજન્સ શું કરે છે ? ગૃહમંત્રી શું કરે છે? ૩૭૦ હટ્યા બાદ કહ્યું હતું કે, કાશ્મીરમાં બધુ પૂર્ણ થઈ ગયું છે, પણ કંઈ જ પત્યું નથી. સીમાપારથી આતંકવાદી આવી રહ્યાં છે. આપે કયું સીઝ ફાયર કર્યું છે. આ પહેલાં ઓવૈસીએ કહ્યું હતું કે, અમે જોઈ રહ્યાં છે કે, નાગરિકો મરી રહ્યાં છે. દરરોજ હત્યાઓ થાય છે. અમારા સૈનિકો મરી રહ્યાં છે



NSAની સાથે વાતચીત કરવાનો શું અર્થ છે. જો આપ ઘાટીની હત્યા નથી રોકી શકતા તો આ દેશનાં દરેક ખૂણે આવી ઘટનાઓ થશે. ઓવૈસીએ સવાલ કર્યો હતો કે, આપણે LoC ઉપર યુધ્ધ વિરામ કેમ સ્વીકારી લીધુ ? આપણાં જવાન શહીદ થઈ રહ્યાં છે. મજૂરો મરી રહ્યાં છે. હવે આપ NSAથી શું ચર્ચા કરશો ? ભાજપની સ્થિર વિદેશ નીતિ નથી. આવા માહોલમાં તેમની સાથે વાત કરવાથી શું થશે ? લોકસભા સાંસદ ઓવૈસીએ કહ્યું હતું કે, શું કેન્દ્ર સરકાર ઉપર પાકિસ્તાન પાસેની LoC સીમા માટે કોઈ પ્લાન છે? તેમણે ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, જેમ અમેરિકાથી દબાણ આવે છે તેવું સરકાર કરે છે.

# ફેબ ઈન્ડિયાએ જાહેરાતમાં દિવાળીને 'જશ્ન-એ-રિવાજ' નામ આપતાં લોકોમાં રોષ

નવી દિલ્હી , તા.૨૦

કપડાનુ વેચાણ કરતી કંપની ફેબ ઈન્ડિયાએ દિવાળી માટે પોતાની જાહેરખબરમાં 'જશ્ન એ રિવાઝ' શબ્દનો ઉપયોગ કર્યા બાદ લોકો ભડકી ઉઠયા છે . સોશિયલ મીડિયા ઉપર કંપનીના બોયકોટનો ટ્રેન્ડ શરૂ થયા બાદ કંપનીની સાન ઠેકાણે આવી છે અને કંપનીએ આ પ્રકારની જાહેરખબર હટાવી લીધી છે.

ફેબ ઈન્ડિયાએ સોશિયલ મીડિયા પર આ જાહેર ખબર ટ્વિટ કરી હતી . જેમાં મોડેલ્સને દિવાળી કલેક્શન માટેના વસ્ત્રો સાથે બતાવાયા હતા અને સાથે કંપનીએ લખ્યુ હતુ કે, ફેબ ઈન્ડિયાનુ આ જશ્ન એ રિવાઝ કલેક્શન છે અને તે ભારતીય સંસ્કૃતિની ખૂબસુરતીને દર્શાવે છે. જોકે યુઝર્સને દિવાળી માટે વપરાયેલો જશ્નએ રિવાઝ શબ્દ પસંદ આવ્યો નહોતો .

લોકોનુ કહેવુ હતુ કે , હિન્દુ તહેવાર માટે વિધર્મી શબ્દ ઉપયોગ કરવાની કોઈ જરૂર નથી . લોકોએ ફેબ ઈન્ડિયાની આકરી ઝાટકણી કાઢી હતી અને જાત જાતની કોમેન્ટસનો મારો ચલાવ્યો હતો . જેના પગલે બોયકોટ ફેબ ઈન્ડિયા ટ્રેન્ડિંગ થવા માંડ્યુ હતુ.

બીજી તરફ ભાજપના સાંસદ અને યુવા મોરચાના પ્રમુખ તેજસ્વી સૂર્યાએ કહ્યુ હતુ કે , દિવાળી એ જશ્ન એ રિવાઝ નથી . હિન્દુ તહેવારોને જાણી જોઈને બીજા ધર્મનો કલર અપાઈ રહ્યો છે . જે મોડેલ્સ જાહેરખબરમાં દર્શાવ્યા છે તેમણે પણ પરંપરાગત કપડા પહેર્યા નથી.

એ પછી કંપનીએ આ પોસ્ટ હટાવી દીધી છે .જોકે આ પહેલો કિસ્સો નથી જયારે હિન્દુ તહેવારોની જાહેરાત ઉપર વિવાદ થયો હોય. આ પહેલા તનિષ્કની એક જાહેર ખબરને લઈને કંપની ઉપર લવ જેહાદને પ્રોત્સાહન આપવાનો આરોપ લાગ્યો હતો.

# ચેહરાને બનાવવો છે બેદાગ અને સુંદર તો ઘરે બેસીને કરવું ખાંડ સ્ક્રબ

ચેહરાની સુંદરતાને વધારવા માટે સ્ક્રબિંગ કરવુ ખૂબ જરૂરી છે. તેનાથીએ ત્વચા ઉપર એકત્ર એક્સટ્રા ઓયલ અને ગંદગી સાફ થવામાં મદદ મળે છે. સ્કિનના બ્લડ સર્કુલેશન સારૂ હોય છે. તે સિવાય ચેહરા ઉપર પડેલ ડાઘ, ધબ્બા, પિંપલ્સ બ્લેક હેડસ અને વ્હાઈટ હેડસ સાફ હોય છે તેથી ત્વચા સાફ, નિખરી, નરમ અને જવા નજર આવે છે.

આમ રો બજારમાં ઘણાસ સ્ક્રબ મળે છે. પણ જો તમે ઘર ઉપર જ ખાંડની મદદથી જુદા-જુદા પ્રકારના સ્ક્રબ બનાવીને ઉપયોગ કરી શકો છો. આ સ્કિનને વગર કોઈ સાઈડ ઈફેક્ટ કોમળતાથી સાફ અને ગ્લોઈંગ બનાવવામાં મદદ કરશે.

**ચાલો જાણીએ હોમમેડ સ્ક્રબ બનાવવાની રીતે અને તેના ફાયદા**

**૧. મધ અને ખાંડ :** તેના માટે એક વાટકીમાં બન્ને વસ્તુઓ ૧-૧ નાની ચમચી મિક્સ કરો. તૈયાર પેસ્ટ ઉપર હળવા હાથથી ૫ મિનિટ સુધી સ્ક્રબ કરો. પછી તાજા પાણીથી ચેહરા સાફ કરી લો.

**ફાયદો :** તેનાથી ડેડ સ્કિન રિપેયર થશે અને ચેહરા ઉપર એક્સ્ટ્રા ઓયલ અને ગંદગી સાફ થશે. સ્કિન સંબંધી સમસ્યાઓ અને સનટેનથી ખરાબ થઈ સ્કિન અંદરથી પોષિત થશે. ત્યારે ચેહરો સાફ, નિખરો અને ગ્લોઈંગ નજર આવશે.

**૨. ખાંડ અને લીંબુ સ્ક્રબ :** તેના માટે ૧ નાની ચમચી ખાંડમાં ૨ નાના ચમચી લીંબુનો રસ મિક્સ કરો. આ મિશ્રણથી ચેહરા ઉપર ૫ મિનિટ સુધી સ્ક્રબ કરો. પછી પાણીથી ચેહરા સાફ કરીને લૂંછી લો.

**ફાયદા :** તેનાથી સનટેનથી ખરાબ સ્કિન રિપેયર થશે અને ચેહરા ઉપર પડેલ ડાઘ, બ્લેક હેડ્સ, ધબ્બા, પિગ્મેંટેશન વગેરેની સમસ્યાથી છુટકારો મળશે. ચેહરા ઉપર એકત્ર એક્સ્ટ્રા ઓયલ અને ગંદગી સાફ થઈને સ્કિન ટોન નિખરશે.

**૩. મિલ્કી સ્ક્રબ :** તેના માટે એક વાટકીમાં ૧ નાની ચમચી મલાઈ, ૩ નાની ચમચી જેતૂનનો તેલ, ૪-૫ ટીંપા સંતરાનો તેલ અને ૧ નાની ચમચી ખાંડ મિક્સ કરો. તૈયાર પેસ્ટને ધીમે-ધીમે ચેહરાની સ્ક્રબિંગ કરો. ૫ મિનિટ છી પાણીથી ચેહરા સાફ કરીને લૂંછી લો.

**ફાયદો :** તેનાથી ત્વચાની અંદર સુધી સફાઈ થશે. ડ્રાઈ સ્કિનની સમસ્યા દૂર થઈ સ્કિનને લાંબા સમય સુધી માશ્ચર મળશે.

# દરરોજ સવારે ખાવા ૧ વાટકી પલાળેલા ચણા, આ રોગોથી રહેશે બચાવ

ચણા વિટામિન એ, બી, સી, ડી, કેલ્શિયમ, ફાઈબર, પ્રોટીન, આયરન, મેગ્નીશિયમ અને એંટી ઓક્સીડેંટ્સ ગુણોથી ભરપૂર હોય છે. આ ખાવામાં ટેસ્ટી હોવાની સાથે આરોગ્ય માટે પણ ફાયદાકારી ગણાય છે. આ રીતે ચાલો જાણીએ ચણાનું સેવન કરવાના ફાયદા.

**દિલ રહે સ્વસ્થ :** એક્સપર્ટસ મુજબ સવારે ખાલી પેટ પલાળેલા ચણાનો સેવન કરવાથી દિલ સ્વસ્થ રહે છે. તેમાં રહેલ એંટી ઓક્સીડેંટસ ગુણ રક્તવાહિનીઓને સ્વસ્થ રાખવામાં મદદગાર હોય છે.

આ રીતે દિલ સારી રીતે કામ કરે છે સાથે જ દિલ સંબંધી રોગો થવાના ખતરો મોટાભાગે ઓછો રહે છે.

**વજન ઘટાડો :** જો તમે જાડાપણથી પરેશાન છો તો તમે પલાળેલા ચણાનો સેવન કરવા જોઈએ. તેમાં રહેલ ગ્લાઈસેમિક ઈંડેક્સ નામક તત્વ ભૂખને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. તેથી જાડાપણું અને વજન વધવાની પરેશાનીથી બચાવ રહે છે.

**લોહીની કમીને દૂર કરે :** ચણા બીજા પોષક તત્વોની સાથે આયરનથી ભરપૂર હોય છે. તેથી તેનો સેવન કરવાથી લોહીની ઉણપ પૂર્ણ કરવામાં મદદ મળે છે. તેમજ મહિલા અને બાળકમાં લોહીની વધારે કમી હોયછે તેથી તેણે ચણાનું સેવન કરવું જોઈએ.

**આંખો માટે ફાયદાકારી :** પલાળેલા ચણામાં બી કેરોટીન નામનો તત્વ હોય છે. આ આંખોની કોશિકાઓને સુરક્ષિત રાખવામાં મદદ કરે છે. તેથી આંખોની રોશની વધારવા અને તેનાથી સંકળાયેલી સમસ્યાથી બચવા માટે દરરોજ પલાળેલા ચણાનું સેવન કરવું.

**હાડકાઓ થશે મજબૂત :** તેને ચાવવાથી એક પ્રકારની એક્સરસાઈજ હોય છે. તેથી દરરોજ પલાળેલા ચણા ખાવાથી દાંત અને હાડકાઓને મજબૂતી મળે છે.


**પાચન તંત્ર કરે મજબૂત :** ઉનાળામાં લોકોને પાચનથી સંકળાયેલી સમસ્યા વધારે હોય છે. તેમાં ફાઈબરથી ભરપૂર પલાળેલા ચણાનું સેવન કરવું બેસ્ટ ગણાય છે. તેના સેવનથી પાચનશક્તિ સારી થઈ અને પેટ સાફ રહે છે. તેની સાથે નબળાઈ દૂર થઈને શરીરમાં મજબૂતી આવે છે . તેથી પાચન સંબંધી સમસ્યાઓથી બચવા માટે દરરોજ સવારે ખાલી પેટ પલાળેલા ચણાનું સેવન કરવું.



પ્રજાનાં પ્રશ્નો કે સંસદની ચર્ચા નથી સાંભળી શકતો, ત્યાં તારી વાત કયાંથી સાંભળી શકું ?



તારા માથાનાં દુઃખાવાની ફરિયાદો સાંભળી સાંભળીને હવે મારૂય માથું દુઃખવા માંડયું છે !



રાજકારણમાં રહીએ પછી આપણને કયારેય અંતરઆત્માનો અવાજ સંભળાય ખરો ?



મને તો શંકા છે કે તારે કારણે જ મોંઘવારી વધી રહી છે !

